હેલ્પલાઈન: ૧૦૪

COVID-19 અખબારી યાદી ક્રમાંક: ૭૭
આરોગ્યલઅને પરિવારકલ્યાણ વિભાગ,
ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૫૦૮૧૮ ઈ-મેલ: ssoidsp@gmail.com

તા.૦૮.૦૪.૨૦૨૦,૧૮.૦૦ કલાક

## ગત અખબારી યાદી બાદનવા કેસ અને મરણની સ્થિતિ

| આજના કેસ | આજના મરણ | આજના ડીસ્ચાર્જ |
|---|---|---|
| ૦૭ | ૦૦ | ૦૦ |

## ગત અખબારી યાદી બાદ નવા નોંધાયેલ કેસોની વિગત

| ક્રમ | ઉમર | જાતિ | જીલ્લો | પ્રવાસની વિગત | હોસ્પિટલનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૦ | સ્ત્રી | વડોદરા | લોકલ પોઝીટીવ કોન્ટેક્ટ | જી.એમ.ઇ.આર.એસ. ગોત્રી |
| ૨ | ૨૧ | સ્ત્રી | વડોદરા | લોકલ પોઝીટીવ કોન્ટેક્ટ | જી.એમ.ઇ.આર.એસ. ગોત્રી |
| ૩ | ૪૬ | પુરુષ | વડોદરા | લોકલ પોઝીટીવ કોન્ટેક્ટ | જી.એમ.ઇ.આર.એસ. ગોત્રી |
| ૪ | ૨૦ | પુરુષ | વડોદરા | લોકલ પોઝીટીવ કોન્ટેક્ટ | જી.એમ.ઇ.આર.એસ. ગોત્રી |
| ૫ | ૫૭ | પુરુષ | વડોદરા | લોકલ પોઝીટીવ કોન્ટેક્ટ | જી.એમ.ઇ.આર.એસ. ગોત્રી |
| ૬ | ૨૧ | પુરુષ | ભાવનગર | લોકલ ટ્રાન્સમીશન | સર.ટી.હોસ્પિટલ ભાવનગર |
| ૭ | ૫૨ | પુરુષ | ભાવનગર | લોકલ ટ્રાન્સમીશન | સર.ટી.હોસ્પિટલ ભાવનગર |

## હોસ્પિટલમાં દાખલ દર્દીઓની વિગત

| ક્રમ | અત્યાર સુધીના કુલ પોઝીટીવ દર્દી | દાખલ દર્દી | | ડીસ્ચાર્જ | મૃત્યુ |
|---|---|---|---|---|---|
| | | વેન્ટીલેટર | સ્ટેબલ | | |
| ૧ | ૧૮૬ | ૦૨ | ૧૪૩ | ૨૫ | ૧૬ |

## કોરોન્ટાઇન ફેસિલીટીની વિગતો

### ૨૫૭ કોરોન્ટાઇન ફેસિલીટી- ૧૫, ૨૮૪ બેડ

| ક્રમ | હોમ કોરોન્ટાઇન | સરકારી ફેસિલીટીમાં કોરોન્ટાઇન | પ્રાઇવેટ ફેસિલીટીમાં કોરોન્ટાઇન | કુલ કોરોન્ટાઇન સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૧૧૧૭૩ | ૯૫૨ | ૧૭૪ | ૧૨૨૯૯ |

### લેબોરેટરી પરીક્ષણની વિગત

| વિગત | ટેસ્ટ | પોઝીટીવ | નેગેટીવ | પેન્ડીંગ |
|---|---|---|---|---|
| ગત ૨૪ કલાક દરમ્યાન કરેલ ટેસ્ટ | ૬૭૨ | ૧૧ | ૫૨૮ | ૧૩૩ |
| અત્યાર સુધીના કુલ | ૪૨૨૪ | ૧૮૬ | ૩૯૦૫ | ૧૩૩ |

| જિલ્લો | કેસ | | | | મૃત્યુ | | | | ડિસ્ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | પ્રવાસની વિગત | | | સંખ્યા | પ્રવાસની વિગત | | | |
| | | વિદેશ | આંતર રાજ્ય | લોકલ | | વિદેશ | આંતર રાજ્ય | લોકલ | |
| અમદાવાદ | ૮૩ | ૧૫ | ૨૭ | ૪૧ | ૫ | ૧ | ૦ | ૪ | ૭ |
| સુરત | ૨૩ | ૫ | ૧ | ૧૭ | ૪ | ૦ | ૧ | ૩ | ૫ |
| રાજકોટ | ૧૧ | ૩ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ |
| વડોદરા | ૧૮ | ૬ | ૦ | ૧૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૬ |
| ગાંધીનગર | ૧૩ | ૨ | ૦ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| ભાવનગર | ૧૮ | ૦ | ૧ | ૧૭ | ૨ | ૦ | ૧ | ૧ | ૧ |
| કચ્છ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેસાણા | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ગીર-સોમનાથ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પોરબંદર | ૩ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પંચમહાલ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| પાટણ | ૫ | ૦ | ૧ | ૪ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| છોટા ઉદેપુર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જામનગર | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| મોરબી | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| આણંદ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧૮૬ | ૩૩ | ૩૨ | ૧૨૧ | ૧૬ | ૩ | ૩ | ૧૦ | ૨૫ |

રોગની પરીસ્થિતિ

| કોરોના વાયરસ રોગની પરીસ્થિતિ | | | |
|---|---|---|---|
| | વિશ્વ | ભારત | ગુજરાત |
| નવા કેસ | ૬૮૭૬૬ | ૪૮૫ | ૦૭ |
| કુલ કેસ | ૧૨૭૯૭૨૨ | ૫૨૭૪ | ૧૮૬ |
| નવા મરણ | ૫૦૨૦ | ૨૫ | ૦૦ |
| કુલ મરણ | ૭૨૬૧૪ | ૧૪૯ | ૧૬ |

૧૦૪ હેલ્પ લાઈન વિગત

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | કોરોના રીલેટેડ કોલ | ૩૬૦૫૦ |
| ૨ | સારવાર અપાયેલ વ્યક્તિ | ૬૨૬ |

કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીમાં ગુજરાતમાં સાવચેતી અને તકેદારીના આગોતરા પગલાં સાથે કેટલાંક અગમચેતીના નિર્ણયો

- કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઇ તા.૧૪/૦૪/૨૦૨૦ મધ્ય રાત્રી સુધી સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવાનો ભારત સરકારે નિર્ણય લીધો છે.

  જે અંતર્ગત રાજ્ય સરકાર જરૂરી કાર્યવાહી હાથ ધરી રહી છે અને લોકોને મુશ્કેલી પડે નહિ તેની કાળજી લેવામાં આવી રહી છે. ત્યારે માન.મુખ્યમંત્રીશ્રીએ આ પરિસ્થિતીમાં થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્ત બાળકો અને દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે સુચના આપેલ જેને ધ્યાને લઇ ઇન્ડિયન રેડક્રોસની મદદથી જીલ્લા અને તાલુકા મથકે આવેલ સરકારી હોસ્પિટલો ખાતેઆવા તમામ દર્દીઓને જરૂરી સારવાર મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- રેડક્રોસ દ્વારા સરકારી હોસ્પિટલની મદદથી ગત તા.૦૭/૦૪/૨૦૨૦ સુધીમાં ૮૧૨ થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્તબાળકોને ૮૮૭ યુનિટ લોહી ચઢાવવામાં આવેલ છે. ૩૩૮ બાળકોને દવાઓ આપવામાં આવી છે.
- રાજયમાં હાલની પરિસ્થિતિ કે જેમાં હાલ લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે. તેને ધ્યાને લઇ રાજય સરકારે સઘન સર્વેલન્સ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જેનું ઘનિષ્ટ મોનીટરીંગ કમિશ્નરશ્રી (આ.) ની કચેરીથી કરવામાં આવશે. આ સર્વેલન્સમાં પોઝીટીવ મળતાં દર્દીઓના આજુબાજુના કન્ટેન્મેન્ટ ઝોન અને બફર ઝોનમાં ભારત સરકારની માર્ગદર્શીકા અનુસાર કામગીરી હાથ ધરવામાં આવશે.

વેન્ટીલેટરઅને વેન્ટીલેટર કેર તાલીમ

- રાજ્યમાં ગંભીર દર્દીઓની સારવાર માટે તમામ વિભાગોમાં થઇને સરકારી હોસ્પિટલો ખાતે ૧૦૬૧ વેન્ટીલેટર ઉપલબ્ધ છે. અને ખાનગી સંસ્થાઓમાં અંદાજીત ૧૭૦૦ જેટલા વેન્ટીલલેટરઉપલબ્ધ છે. વધુ ૧,૦૦૦ વેન્ટીલેટર ખરીદીનો આદેશ આપેલ છે. વધુમાં ૪૩ વેન્ટીલેટર દિલ્હી ખાતેથી રાજ્ય સરકારને મળેલ છે.
- રાજયના ડૉકટરો અને પેરામેડીકલ સ્ટાફને વેન્ટીલેટર કેરની તાલીમ આપવા માટે રાજયની મેડીકલ કોલેજોમાં તા.૨૧/૦૩/૨૦૨૦ થી શરૂ કરેલ છે. અને તા.૦૫/૦૪/૨૦૨૦ સુધીમાં ૩૫૨૨ આરોગ્યકર્મીઓને તાલીમ આપવામાં આવેલ છે.
- તા.૦૮/૦૪/૨૦૨૦ સુધીમાં ૯૦૩૧ આરોગ્યકર્મીઓની તાલીમ પૂરી કરાવવામાં આવનાર છે.

## ૧૧૦૦ અને ઈમેલ હેલ્પલાઇન તથા ટેલી મેડીસીનની સુવિધા

- o રાજ્યમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે. આ હેલ્પલાઇન દ્વારા આઇસોલેશન અથવા હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવેલ લાભાર્થી દર્દીઓને ૨૪ X૭ કલાક માટે એમ.બી.બી.એસ ,એમ.ડી. ફિઝિશિયન ,કલીનીકલ સાઇકોલોજીસ્ટ અને સાઇક્રીયાટ્રીસ્ટ નિષ્ણાંત તબીબ દ્વારા ટેલી મેડિસીન ,ટેલી કાઉન્સેલીંગ(પરામર્શ)અને ટેલી એડવાઇઝ(સલાહ) આપશે.
- o વધુમાં ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ દ્વારા પણ તાજેતરમાં કોરોના વાઇરસને કારણે લોકડાઉનની પરીસ્થિતીમાં ટેલી મેડીસીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેના માટે ૦૭૯-૨૨૬૮૮૦૨૮ નંબર ઉપર સવારના ૦૯:૦૦ થી ૧૦:૦૦ ની વચ્ચે ફોન કરી ટેલી મેડીસીનની સુવિધા મેળવી શકાશે.
- o તા.૦૮/૦૪/૨૦૨૦ સુધીમાં આ હેલ્પલાઇન ઉપર ૧૯૫૬ જેટલા કોલ આવેલ જેમને સારવાર સહીતની સુવિધા પૂરી પાડવામાં આવી છે.
- o તા.૦૭/૦૪/૨૦૨૦ સુધીમાં ઇમેલ હેલ્પલાઇન ઉપર ૨૫૪ જેટલી માહીતી માટે મદદ માગવામાં આવેલ જેમાં મોટેભાગે રોગ વિષેની માહિતી અને રોગ અટકાયત માટે સરકાર દ્વારા લેવામાં આવેલ પગલા અંગે જાણકારી મેળવવામાં આવી છે. વધુમાં કેટલાક વ્યક્તિઓ દ્વારા સરકાર ને મદદ માટે પણ રજૂઆત કરી છે.

- વેન્ટીલેટર સહિતના અધતન સાધનોની સુવિધા ધરાવતા આઈસોલેશન વોર્ડ શરુ કરવામાં આવેલ છે. હાલ રાજ્યમાં કુલ ૪૩૦૦ થી વધુ આઈસોલેશન બેડ સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ છે. અને ૧૦૦૦ થી વધુ બેડની વ્યવસ્થા ખાનગી હોસ્પિટલો ખાતે ઉપલબ્ધ છે. તેમજ આ ઉપરાંત વધુ બેડ ઉભા કરવાની વ્યવસ્થા પ્રગતિમાં છે.
- રાજયના તમામ હોસ્પિટલો અને તબીબો પાસેથી SARIના કેસોની માહીતી તાત્કાલિક મળી રહે તે માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા Dr.TeCHO Application શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૨૬૫૫ જેટલા ખાનગી તબીબોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે.

- રાજ્યમાં હાલની નોવેલ કોરોના વાયરસ ( કોવિડ-૧૯) ના સંક્રમણની પરિસથિતિમાં જરૂરી તમામ દવાઓ, સાધન સામગ્રી, માનવબળ અને તમામ અન્ય કોઇપણ જરૂરી વસ્તુઓ,સેવાઓ તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરી શકાય તે હેતુસર રાજ્ય સરકારે ખાસ ખરીદ સમિતિ બનાવવામાં આવેલ છે.
- રાજયમાં અમદાવાદ ખાતે ૧૨૦૦ બેડ, વડોદરા, રાજકોટ ખાતે ૨૫૦ અને સુરત ખાતે ૫૦૦ બેડ તેમજ તમામ જીલ્લા ખાતે ૧૦૦ બેડની હોસ્પિટલો ઉભી કરવામાં આવેલ છે. આમ કુલ રાજયમાં ૫૧૦૦ બેડની સુવિધા વધારવામાં આવશે જે માત્ર કોરોના ગ્રસ્ત દર્દીઓ માટે વાપરવામાં આવનાર છે.
- રાજયની અમદાવાદ , સુરત , વડોદરા , ભાવનગર , જામનગરતથા રાજકોટ ખાતેની મેડિકલ કોલેજોમાં અને અમદાવાદ ખાતેની ત્રણ ખાનગી લેબોરેટરીન્યુબર્ગ સુપ્રાટેક લેબોરેટરી યુનીપેથ લેબોરેટરીઅને પાનજીનોમિકસ લેબોરેટરી અમદાવાદમાં કોવિડ-૧૯ માટે લેબોરેટરી ટેસ્ટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

ડ્રગ્ઝ એન્ડ લોજીસ્ટીક

- ભારત સરકારશ્રી દ્વારા માસ્ક અને સેનીટાઇઝરને જરૂરીયાતની વસ્તુની કેટેગરીમાં સામેલ કરેલ છે. રાજ્યમાં COVID-19 રોગચાળાની શરૂઆતથી અત્યારસુધીમાં એન-૯૫ માસ્ક ૯.૭૫ લાખ , પી.પી.ઇ. કીટ ૩.૫૮ લાખ અને ટ્રીપલ લેયર માસ્ક ૧.૨૩ કરોડ જથ્થાની ખરીદી કરી ઉપલબ્ધ કરાવવામાં આવી રહયો છે.
- COVID-19 અંગેની પ્રોફ્રાઇલેકસીસ માટેની દવા ટેબ. હાઇડ્રોક્સીકલોરોકવીન નામની દવાને શીડયુલ **H1** ડ્રગ તરીકે જાહેર કરેલ છે. જેથી હવે આ દવા માત્ર અને માત્ર અધિકૃત ડોકટરના પ્રિસ્કીપશન પર જ મળી શકે છે.

માનવ સંસાધન

- COVID-19 રોગચાળા અંતર્ગત આરોગ્ય સેવાઓને વિપરિત અસર ન પડે તે હેતુથી રાજ્ય સરકારે આરોગ્ય વિભાગમાં કાર્યરત તા.૩૧.૦૩.૨૦૨૦ અને તા.૩૦.૦૪.૨૦૨૦ ના રોજ વય નિવૃત થતાં તમામ અધિકારી/કર્મચારીઓની નિવૃત્તિ તા.૩૧.૦૫.૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. વધુમાં રાજ્ય સરકારે સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે તબીબોની અછત ઘટાડવા ૧૧ માસના કરારીય ધોરણે નિમણુંક આપવાનો નિર્ણય લીધો છે. જેના પરીણામે પણ રાજ્યમાં વધુમાં વધુ તબીબોની ઉપલબ્ધિ થશે.

કલ્સટર કન્ટેન્મેન્ટ

અમદાવાદ શહેર વિસ્તારમાં જોવા મળેલ પોઝીટીવ દર્દીઓના કલ્સટરના પગલે રાજ્ય સરકારે આ વિસ્તારમાં કલ્સટર કન્ટેન્મેન્ટ કામગીરી હાથ ધરી છે. જેમાં આ વિસ્તારોને સંપૂર્ણ રીતે લોકડાઉન કરવામાં આવે છે. તેમજ સઘન સર્વે હાથ ધરી હાઇ રીસ્ક અને રોગના લક્ષણો ધરાવતા દર્દીઓને શોધી કાઢી તેઓને નિદાન અને સારવારની કામગીરી હાથ ધરવામાં આવે છે.

| વિગત | અમદાવાદ કોર્પોરેશન | સુરત કોર્પોરેશન | વડોદરા કોર્પોરેશન | ભાવનગર કોર્પોરેશન | રાજકોટ કોર્પોરેશન | કુલ |
|---|---|---|---|---|---|---|
| કલસ્ટર | ૨૮ | ૨ | ૨ | ૫ | ૭ | ૪૪ |
| ટીમની સંખ્યા | ૩૧ | ૫૧ | ૬ | 30 | ૮ | ૧૨૬ |
| કુલ વસ્તી | ૩૧૨૫૭ | ૩૦૮૫૦ | ૫૧૧૦ | ૨૮૬૩૮ | ૩૭૬૬ | ૯૯૬૨૧ |